# નવ્ય કવિ : નવ્ય કવિતા-૧૧

ધીરુ પરીખ

## અશોક ચાવડા



**મ**ને સ્મરણ છે ત્યાં સુધી ઈ.સ. ૧૯૯૮ની આસપાસ ભાઈ અશોક ચાવડા ગુજરાતી સાહિત્ય પરિષદમાં ચાલતી બુધસભામાં આવતા થયા હતા. તેમની ગઝલોમાં એક પ્રકારે અભિવ્યક્તિનું નાવીન્ય અને ભાવોર્મિપ્રધાન વિષયવસ્તુ ધ્યાન ખેંચતાં હતાં. તેમનો ઉત્સાહ અનેરો જણાતો હતો. તેમણે તખલ્લુસ ભલે 'બેદિલ' રાખ્યું હોય પણ તેમનામાં મેં અપાર ઉત્સાહ જોયો છે.

અશોકનું મૂળ વતન સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં આવેલું મંડાસર ગામ. એમનો જન્મ ૧૯૭૮ના ઑગસ્ટની ૨૩મી તારીખે ભાવનગરમાં થયો હતો. પિતાશ્રીનું નામ પિતાંબરભાઈ ગણેશભાઈ ચાવડા અને માતાશ્રીનું નામ હંસાબહેન. તેમનાં પત્નીનું નામ મધુબહેન અને તેમને બે સંતાનો છે : પુત્રી મૈત્રી તથા પુત્ર હર્ષિલ. હાલ તેઓ જામનગરની ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર તરીકે સેવાઓ આપે છે. જોકે તેઓ અવારનવાર અમદાવાદમાં જૂના વાડજ ખાતેના પોતાના પિતૃગૃહે અવારનવાર આવી અહીંના મિત્રમંડળને મળવાનો આનંદ લે છે તો બુધવારે અમદાવાદમાં હોય તો બુધસભામાં પણ આવે છે.

૧૯૯૩માં એસ.એસ.સી. પસાર કર્યા પછી શિક્ષણનાં વિવિધ ક્ષેત્રોમાં ઉપાધિઓ હાંસલ કરી છે. ૧૯૯૫માં એચ.એસ.સી. કૉમર્સ સાથે પસાર કરી ૧૯૯૮માં વાણિજ્યમાં સ્નાતકની પદવી મેળવી. ગુજરાત વિદ્યાપીઠમાંથી ૧૯૯૧માં હિન્દી અને ૧૯૯૭માં ઉર્દૂ ભાષાઓનાં પ્રમાણપત્રો મેળવ્યાં છે. ૨૦૦૦માં આકાશવાણીમાં પણ જઈ આવ્યા. ૨૦૦૩માં ગુજરાત યુનિવર્સિટીમાંથી 'માસ્ટર ઇન ડેવલેપમેન્ટ કમ્યુનિકેશન'ની ઉપાધિ પણ મેળવી. તો વળી ૨૦૧૪માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી કાયદાશાસ્ત્રના સ્નાતક પણ બન્યા છે. આ પૂર્વે ૨૦૦૧માં અંગ્રેજી સાહિત્ય સાથે આર્ટ્સના સ્નાતક પણ બન્યા છે. ૨૦૦૩માં ગુજરાત યુનિવર્સિટીમાંથી 'માસ્ટર ઇન ડેવલપમેન્ટ કમ્યુનિકેશન'ની ઉપાધિ પણ મેળવી છે. તો વળી ૨૦૧૧માં પત્રકારત્વ અને સમૂહ માધ્યમમાં મહાનિબંધ લખી પીએચ.ડી.ની ઉપાધિ પણ મેળવી તો ૨૦૧૨માં યુ.જી.સી.ની સમૂહમાધ્યમ અને પત્રકારિત્વમાં નેટ (Net)ની ઉપાધિમાંથી પણ પસાર થયા છે. હાલ ગુજરાત વિદ્યાપીઠમાંથી એમ.એ. કરી રહ્યા છે.

એમણે ૨૦૦૮માં સ્પિપા (અમદાવાદ)માંથી 'રાઇટ ટુ ઇન્ફર્મેશન ઍક્ટ ૨૦૦૫'ની વ્યાવસાયિક તાલીમ સાથે આગળ જતાં 'ઇન્ટર પર્સનલ કૉમ્યૂનિકેશન સ્કિલ્સ', 'ઑલ ઇન્ડિયા સર્વે ઑફ હાયર એડ્યુકેશન', 'ગુજરાત સિવિલ સર્વિસ રુલ્સ ૨૦૦૨', 'બેઝિક ઍડમિનિસ્ટ્રેશન' વગેરે પ્રકારની વ્યાવસાયિક તાલીમ પણ લીધી છે. આ રીતે વિવિધ ક્ષેત્રમાં અધ્યયન કરી તેની જાણકારી પ્રાપ્ત કરવા તે સતત તત્પર રહે છે એટલું જ નહીં પણ એ જાણકારીનો પોતે જ્યાં સેવાઓ આપી રહ્યા હોય ત્યાં ખપ પૂરતો ઉપયોગ પણ કરી જાણે છે. તમે એમને મળો તો એક અતિ ઉત્સાહી યુવાનને મળ્યાનો અનુભવ થાય.

એમણે અત્યારે જામનગરમાં કાર્યરત છે તે પૂર્વે

(અનુસંધાન પૂર્તિ પાના નં. ૩)

(નવ્ય કવિ : નવ્ય કવિતા અનુસંધાન પૂર્તિ પાના નં. ૧થી)

અમદાવાદની સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક ઍડ્‌મિનિસ્ટ્રેશન, તો ગુજરાત યુનિવર્સિટીના કમ્પ્યૂનિકેશન, જર્નાલિઝમ અને પીઆર, વિભાગમાં મુલાકાતી વ્યાખ્યાતા તરીકે પણ સેવાઓ આપે છે. 'એમણે લગભગ ૨૦૦૫થી 'કુમાર' અને 'કવિલોક'માં સહાયક તંત્રીપદે પણ થોડાં વર્ષો સન્નિષ્ઠ અને સૂઝપૂર્વકની સેવાઓ આપી હતી. આ ઉપરાંત 'ઉદ્દેશ' નામના માસિકમાં પણ સહસંપાદક તરીકે થોડો વખત સેવાઓ આપી હતી. ગુજરાતના દૈનિક 'સમભાવ'માં થોડા સમય માટે એની 'સેતુ' પૂર્તિમાં સહાયક સંપાદકની ભૂમિકા પણ ભજવી હતી.

એમના પીએચ.ડી.ના મહાનિબંધ માટે 'ગુજરાતી દલિત સામયિકોનો વિકાસ' વિષય પસંદ કરી ડૉક્ટરેટની પદવી પણ હાંસલ કરી છે. તો વળી ૧૯૭૫થી ૧૯૮૫ના દાયકા દરમિયાન ગુજરાતી દલિત કવિતાના વિકાસ પર પણ કામ કર્યું છે. એમને પોતાના સાહિત્યિક કાર્યને આગળ વધારવા માટે ૨૦૦૩માં ગુજરાત સાહિત્ય અકાદમી અને ૨૦૦૬માં ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકાર વિભાગ તરફથી અનુદાન પણ મળેલ છે. યુ.જી.સી. તરફથી પણ ફેલોશિપ મળેલ છે.

એમની કલમ પદ્ય અને ગદ્યમાં સુપેરે વિહરે છે. પદ્યમાં મુખ્યત્વે તેમણે ગઝલના સ્વરૂપને આગળ વધાર્યું છે. એમની આ અભિવ્યક્તિમાં વિચારભાવથી લઈને પદવિન્યાસ અને પદ્યરૂપમાં એક પ્રકારનું આગવાપણું અનુભવવા મળે છે. માતા વિષે અનેક કવિઓએ કાવ્યો રચ્યાં છે તેમ અશોક ચાવડાની 'મા' વિશેની ભાવસમૃદ્ધ ગઝલ કોઈપણ સાચા ભાવકના હૃદયને હચમચાવી દે તેવી છે. એમણે 'અનુવાદક તરીકે પણ કલમ ચલાવી છે. આમ, આ સર્જક પાસેથી કવિતા, વિવેચન, અનુવાદ, સંપાદન વગેરે આપણી ભાષાને મળ્યાં છે તે તેમની વયના પ્રમાણમાં ઘણું મોટું પ્રદાન ગણી શકાય.

એમની સર્જકતાને પોંખવામાં પણ આવી છે. ભારતની દિલ્હી ખાતેની સાહિત્ય અકાદમીએ ૨૦૧૩માં તેમને યુવા પુરસ્કારથી નવાજ્યા છે. તો ગાંધીનગર સ્થિત ગુજરાત સાહિત્ય અકાદમીએ પણ તેમને આ જ વર્ષે ૨૦૧૨ના યુવા ગૌરવ પુરસ્કારથી સન્માનિત કર્યા છે. તો ગુજરાત સરકારે એમને ૨૦૧૩-૧૪ના વર્ષ માટે દાસી જીવણ અવૉર્ડ અર્પણ કર્યો છે. તેઓ દિલ્હીની ભારતીય સાહિત્ય અકાદમીમાં ગુજરાતીના મંડળમાં એક સભ્ય તરીકે પણ પસંદગી પામ્યા છે.

તેમના પાંચેક કાવ્યસંગ્રહો પ્રકટ થયા છે. ૨૦૦૩માં 'પગલાં તળાવમાં' નામે ગઝલસંગ્રહ પ્રકટ થયા પછી ૨૦૧૨માં 'પગરવ તળાવમાં' નામે બીજો ગઝલસંગ્રહ પ્રકટ થયો છે. તો વળી ઊર્મિકાવ્યોનો એક સંગ્રહ 'તું કહું કે તમે' શીર્ષકથી ૨૦૧૨માં પ્રકટ થયો અને એ જ વર્ષે વિનોદકાવ્યોનો સંગ્રહ 'પીટ્યો અશ્કો' પણ પ્રકટ થયો છે, જેમાં એમની નર્મમર્મની અભિવ્યક્તિ પરની હથોટી જોવા-માણવા મળે છે. આ જ વર્ષે એટલે કે ૨૦૧૨માં 'ડાળખીથી સાવ છૂટાં' નામે પ્રતિબદ્ધ કવિતાનો (કમિટેડ) સંગ્રહ પણ પ્રકટ કર્યો છે. 'શબ્દોદય' (૨૦૧૨) એમનો વિવેચન સંગ્રહ છે. ભારત-પાકિસ્તાનની ઉર્દૂગઝલોનો 'ગઝલિસ્તાન' નામે અનુવાદ કર્યો છે. તો વળી આકાશવાણી અને દૂરદર્શન માટે પણ લેખન કર્યું છે. એકંદરે અશોક ચાવડાની સર્જકપ્રતિભા સાહિત્યના વિવિધ પ્રકારોમાં વિહરતી રહી છે. અથાક પરિશ્રમી અને સૂઝપૂર્વકના સર્જન વિવેચનકાર્યથી તેમણે ગુજરાતમાં ઠીકઠીક ખ્યાતિ પ્રાપ્ત કરી છે. તો 'કુમાર', 'કવિલોક', 'ઉદ્દેશ', 'પરબ' જેવા સામયિકોમાં એમની કવિતા અને લેખો અવારનવાર પ્રકટ થતાં રહે છે. એમની સર્જનયાત્રા ઉત્તરોત્તર ઊંચાં શિખરો સર કરતી રહે તેવી શુભેચ્છા.□